બુદ્ધિથી સાધ્ય થતાં કાર્યો શ્રેષ્ઠ છે, બળથી સાધ્ય થતાં મધ્યમ છે, કપટથી સાધ્ય થતાં અધમ છે અને સંકટથી સાધ્ય થતાં અધમાધમ છે
- વિદુર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૯૧ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૪, સોમવાર; ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સિવિલ હોસ્પિટલ દશેરાથી નવા સંકુલમાં

## પ્રથમ બે માળનો કબ્જો હોસ્પિટલ સત્તાવાળાઓને આ સપ્તાહના અંતમાં સુપ્રત કરાશે : પહેલા તબક્કે બે થી ત્રણ વિભાગોની ઓ.પી.ડી. અને વોર્ડ સેવાનું વિસ્તરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું નવુ સંકુલ આગામી વિજયાદસમીના પર્વથી કાર્યરત કરવામાં આવશે.

પ્રથમ તબક્કે આ નવા સંકુલના બે માળનો કબ્જો સોંપવામાં આવનાર હોવાથી ત્યાં ઓ.પી.ડી. અને બીજા માળે વોર્ડ એક્સ્પાન્સનની કામગીરી કરવામાં આવનાર છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું નવુ સંકુલ તૈયાર થઈ ફુલફલેજ કાર્યરત કરવામાં છ માસ જેટલો સમય લાગશે તેમ મનાઈ રહ્યું છે. હાલ પ્રથમ તબક્કે માત્ર બે માળનો કબ્જો આગામી સપ્તાહમાં સિવિલ સત્તાવાળાઓને વિધિવત્ સુપ્રત કરવામાં આવશે. આ બિલ્ડીંગમાં હાલ ફિનીશીંગની કાર્યવાહી ચાલી રહી છે. આખુ બિલ્ડીંગ કોર્પોરેટ લુક સાથેનું બનાવવાનું હોવાથી સારો એવો સમય લાગશે.

મળતી વિગતો પ્રમાણે વિજયાદસમીથી ત્રણેક વિભાગો ગાયનેક, સર્જરી અને મેડીસીનની ઓ.પી.ડી. ત્યાં શિફ્ટ કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આ પછી ઉપરના મજલે નવા વોર્ડ કાર્યરત કરવામાં આવશે. હોસ્પિટલમાં હાલ ૩૦૦ પથારીની સુવિધા છે જેમાં વધુ ૧૫૦ પથારી ઉમેરવાની છે. ચોથા વર્ષના મેડીકલના અભ્યાસક્રમ માટે આ જરૂરી છે આથી હોસ્પિટલના વોર્ડોનું એક્સ્પાન્સન હાથ ધરવામાં આવશે. અહિંયા નવા વોર્ડ બનાવવામાં આવશે. જેથી જુના સંકુલમાં પડતી હાલાકીઓ પણ દૂર થઈ જશે. આ ઉપરાંત આ નવા સંકુલમાં પ્રારંભમાં બે થી ત્રણ વિભાગોની ઓ.પી.ડી. શરૂ કરાશે અને ક્રમશઃ તમામ ઓ.પી.ડી. શિફ્ટ કરી દેવામાં આવશે.

ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં શિફટીંગ અને એકસપાન્સનની કામગીરીને આખરી ઓપ આપી દેવામાં આવશે તેમ મેડીકલ કોલેજ અને હોસ્પિટલના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે.

જાન્યુઆરી માસમાં મેડીકલ કાઉન્સીલનું ઈન્સ્પેક્શન આવી રહ્યું છે ત્યારે સંપૂર્ણ તૈયારીઓ થઈ જશે અને માર્ચ-૨૦૧૫ પછી તો લગભગ આખુ નવુ સંકુલ કાર્યરત કરી દેવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને અદ્યતન સુવિધાઓ સાથેની હોસ્પિટલ બનાવવાનું આયોજન છે અને એટલે જ સરકારે ચાલુ વર્ષે પણ વધુ ૧૦૦ કરોડની જંગી ફાળવણી કરી છે. મળતી વિગતો પ્રમાણે સિવિલ સંકુલને કોર્પોરેટ લૂક આપવાની કામગીરી પણ મેડીકલ કાઉન્સીલના ઈન્સ્પેક્શન બાદ વેગ પકડશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું નવુ સંકુલ નવ માળનું તૈયાર કરવામાં આવ્યું છે. એક તબક્કે આ સંકુલમાં કુલ એક હજાર પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલ બનાવવાનું આયોજન કરાયું છે. છેલ્લા વર્ષની મંજુરી વખતે લગભગ ૬૫૦ પથારીની સુવિધાઓ તો પ્રાપ્ત થઈ જશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

માડી તારા આવવાના એંધાણા થયા - ગુજરાતના લોકપ્રિય અને વિશ્વના લાંબા નૃત્યોત્સવના આરંભના આડે માત્ર હવે ચાર જ દિવસ બાકી છે ત્યારે ઉલ્લાસનો એક નવો સંચાર થઈ રહ્યો છે... આરાધનાના આ મહાપર્વમાં અબાલ-વૃદ્ધ સૌ જોડાય છે... ખાસ કરીને બાળકો નવરાત્રી ઉત્સવમાં પોત-પોતાના ચોકઠામાં ગબ્બરની પ્રતિકૃતિ નિર્માણ કરે છે... અને માતાજીનું નાનકડું મંદિર બનાવી પૂજન-અર્ચન કરે છે... કેવી અદભૂત શ્રદ્ધાના સંસ્કાર આપણી નવી પેઢીમાં ઉતરી રહ્યા છે... મલ્લામાતાની સ્થાપના કરી બાળકો આદ્યશક્તિની ઉપાસનાના પગરવ કરી રહ્યા છે... નવરાત્રી એટલે ગુજરાતનું આખું જનજીવન ધબકતું બનશે, થનગનતું બનશે, અને ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક આખું ગુજરાત ઉજવશે વિશ્વનો સૌથી લાંબો નૃત્યોત્સવ - નવરાત્રી...

# નવનિર્વાચિત ભાજપ-કોંગ્રેસના નવ ધારાસભ્યોનો આ સપ્તાહે શપથગ્રહણ

ગાંધીનગર, તા. ૨૧

વિધાનસભાના નવનિર્મિત ભાજપ કોંગ્રેસના નવ ધારાસભ્યો આ સપ્તાહે ધારાસભ્ય તરીકેના શપથગ્રહણ કરશે.

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી માંગરોળ, ખંભાળીયા, ટંકારા, તળાજા, ડીસા, આણંદ, મણીનગર, માતર અને લીમખેડા એમ નવ બેઠકોની પેટા ચૂંટણીઓ ગત ૧૩મી સપ્ટેમ્બરના રોજ યોજાયેલી. આ પેટા ચૂંટણીના પરિણામો ૧૬મીએ જાહેર થયા હતા.

વિધાનસભાની નવ બેઠકો પૈકી ૬ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજય થયા હતા જ્યારે ત્રણ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો વિજય થયા હતા.

પેટા ચૂંટણીઓના નવ નિર્વાચિત ભાજપ કોંગ્રેસના નવ ધારાસભ્યો આ સપ્તાહે શ્રાધ્ધ પક્ષ ઉતર્યા બાદ ૨૩ અથવા ૨૪મી સપ્ટેમ્બરના રોજ વિધાનસભા અધ્યક્ષ સમક્ષ ધારાસભ્ય તરીકેના શપથગ્રહણ કરનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાજપના તમામ ૬ ધારાસભ્યો એક સાથે જ ધારાસભ્ય તરીકેના શપથ પક્ષ દ્વારા નક્કી કરાય તે તારીખે લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



માનો ગરબો રે રમે રાજને દરબાર - નવરાત્રીના પડઘમ વાગી રહ્યા છે. નવરાત્રીનો ગણતરીના દિવસોમાં પ્રારંભ થશે. ગુજરાતીઓ આંગણે પધારવા માટે ઘરે 'ગરબા'ની પધરામણાં કરે છે... ગરબો એટલે શ્રદ્ધાનું પ્રતિક, આદ્યશક્તિની આરાધનાનું પ્રતિક... આ ગરબાને શણગારવાની કામગીરીમાં કલાકારો વ્યસ્ત બની ગયા છે.

# ગરબા પાર્ટીપ્લોટમાં સીસીટીવી કેમેરા ફરજીયાત

## રાત્રીના ૧૨ના ટકોરે ગરબા બંધ કરાવી દેવા તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને ડીએસપીનો આદેશ : ટ્રાફીક અને સિક્યુરીટી સહીતની વ્યવસ્થા આયોજકોએ કરવા સુચના : મેટલ ડીટેક્ટર અને બ્રીથ એનેલાઈઝર પણ રાખવા પડશે

ગાંધીનગર, તા. ૨૧

નવરાત્રિમાં છેડતીથી માંડીને કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીનગર ડીએસપીએ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને બોલાવીને ખાસ બેઠક યોજી હતી. પાર્ટી પ્લોટ્સ તથા શેરી ગરબાના આયોજકો સાથે પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને બેઠક યોજીને વિવિધ જરૂરી સુચના આપવા આદેશ કર્યો હતો. જેમાં ૧૨ ના ટકોરે લાઉડસ્પીકર બંધ કરી દેવા ઉપરાંત આયોજકોએ શુ-શુ વ્યવસ્થા અને તકેદારી અવશ્ય રાખવી તે અંગે જાણકારી આપી તે પ્રમાણે અનુસરવા જણાવાયું છે. જો તેમ કોઈ આયોજક ન કરે તો ગરબાની મંજુરી રદ કરવા સુધીના પગલા લેવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

ગાંધીનગરમાં તમામ પાર્ટીપ્લોટ્સ તથા શેરી ગરબામાં લાઉડસ્પીકર રાત્રે ૧૨ વાગ્યાના ટકોરે બંધ કરી દેવા ઉપરાંત ગરબા પાર્ટી પ્લોટ્સમાં નાઈટ વિઝન, હાઈ ડેફીનેશન સીસીટીવી કેમેરા ફરજીયાત લગાડવા પોલીસે આયોજકોને આદેશ કર્યો છે. કોઈ પણ ગરબા સ્થળે છેડતી કે અન્ય અનિચ્છનીય બનાવ ન બને તેને ધ્યાને રાખીને સીસીટીવી કેમેરા લગાડવાના મુદ્દા પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. દારૂ પીને છાટકા બની ગયેલા નબીરાઓ કે અસામાજીક તત્વો ગરબા સ્થળે પ્રવેશ ન કરી જાય તે માટે બ્રીથ એનેલાઈઝર



અવશ્ય રાખવા આદેશ અપાયો છે. દરેક વ્યક્તિને બ્રીથ એનેલાઈઝરથી તપાસીને ગરબા સ્થળે પ્રવેશ આપવા આયોજકોને જણાવીને આવા કોઈ તત્વો પીધેલી હાલતમાં આવે તો તાત્કાલિક પોલીસને જાણ કરી બોલાવી દેવા સુચના આપવામાં આવી છે. તે ઉપરાંત પાર્ટીપ્લોટમાં મેટલ ડીટેક્ટર અને ફાયર સિસ્ટમ ઉપરાંત ટ્રાફીકની વ્યવસ્થા પણ અવશ્ય રાખવા આદેશ આપવામાં આવ્યો છે. સિક્યુરીટીનો પ્રબંધ કરવા ઉપરાંત કોઈ યુવતી સાથે છેડતી કે ઠઠ્ઠા મશ્કરી ન થાય તેની ખાસ તકેદારી આયોજકો તથા સ્વયંસેવકોએ રાખવા સુચન કરવામાં આવ્યું છે. આ તમામ બાબતોને ગંભીરતાથી લઈ તે મુજબ અનુસરવા આદેશ આપી પોલીસે આમ ન કરનાર ગરબા આયોજકોની ગરબાની મંજુરી રદ કરવા સુધીની તૈયારી દર્શાવી છે.

# રવિવારે પણ બોર્ડની પરીક્ષાના ગતકડાથી વાલીઓ ભારે ખફા

## પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બોર્ડનો ઇન્કાર ઓક્ટોબર મહિનામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૧ અને ૩ની પરીક્ષાના સમયપત્રકને લઇને રોષનું મોજુ

અમદાવાદ,તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબર મહિનામાં યોજાનારી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૧ અને ૩ની પરીક્ષાના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યા છે તેમજ રાજકોટ પશ્ચિમ વિધાનસભાની બેઠખ ઉપર યોજાનારી પેટાચૂંટણીને ધ્યાનમાં રાખીને રવિવારે પણ પરીક્ષા યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેના કારણે કેટલાક વિદ્યાર્થીઓમાં અસંતોષ અને રોષની લાગણી ફેલાઈ હોવાની વિગતો મળી છે. આ અંગે વાલીઓ દ્વારા શિક્ષણ બોર્ડ સમક્ષ રજૂઆત કરી હતી.

જો કે, બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખોમાં કોઈ પણ પ્રકારનો બદલાવ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા રાજકોટ પશ્ચિમની વિધાનસભા બેઠક ઉપર ૧૫ ઓક્ટોબરના રોજ યોજાનારી પેટાચૂંટણીના પગલે ચૂંટણી પંચના આદેશને ધ્યાનમાં રાખીને ૧૩મી ઓક્ટોબરથી ૧૮મી ઓક્ટોબર દરમિયાન યોજાનારી એચએસસી વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૧ અને ૩ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કર્યો છે. નવી બદલાયેલી તારીખ મુજબ પરીક્ષા ૧૧મીથી ૧૯મી ઓક્ટોબર દરમિયાન રાખવાનું નક્કી કરાયું છે. જેના કારણે ૧૯મી ઓક્ટોબરે રવિવારે પરીક્ષા લેવાશે. જેના કારણે અસંખ્ય વાલીઓ વિદ્યાર્થીઓમાં નારાજગી છે. કેટલાક વાલીઓ દ્વારા આ બાબતે શિક્ષણ બોર્ડને રજૂઆત પણ કરવામાં આવી છે. આ અંગે શિક્ષણ બોર્ડના અધ્યક્ષ આર.આર. વરસાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ વિધાનસભાની યોજાનારી પેટાચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચના આદેશને ધ્યાનમાં રાખીને બોર્ડની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કર્યો છે. જેના કારણે પરીક્ષાની તારીખોમાં હવે ફેરફારનો કોઈ અવકાશ નથી.

